EDII

Prabhat

April 30, 2026,
Page No. 02

# ઈડીઆઈઆઈએ બેંગલુરુમાં ઈકો એક્શન લર્નિંગ સેન્ટર શરૂ કરીને ટકાઉ ગ્રામ્ય ઉદ્યોગસાહસિકતાને મજબૂત બનાવ્યું

એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈઆઈ) એ ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ બેંગલુરુમાં ઈકો એકશન લર્નિંગ સેન્ટર (ઈએલસી)નું ઉદ્ઘાટન કર્યું. આ એક સમર્પિત અનુભવાત્મક તાલીમ કેન્દ્ર છે, જેનો હેતુ વ્યવહારુ, કૌશલ્ય આધારિત શિક્ષણ દ્વારા ટકાઉ ગ્રામ્ય ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો છે.

આ સેન્ટરનું ઉદ્ઘાટન સુશ્રી મનીષા ભટ્ટાચાર્ય, મેનેજિંગ ડિરેક્ટર - કોર્પોરેટ સિટિઝનશિપ, એક્સેન્ચર; ડૉ. સુનીલ શુક્લા, ડિરેક્ટર જનરલ, ઈડીઆઈઆઈ તેમજ ડૉ. રમન ગુજ્જાલ, ડિરેક્ટર– સીએસઆર પાર્ટનરશિપ્સ, ઈડીઆઈઆઈ દ્વારા કરવામાં આવ્યું.

બેંગલુરુમાં આવેલ ઈકો એક્શન લર્નિંગ સેન્ટર (ઈએલસી) માઈક્રો સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (એમએસડીપી) હેઠળ એક પ્રાયોગિક તાલીમ પ્લેટફોર્મ તરીકે કાર્ય કરે છે, જે ગ્રામ્ય ઉદ્યોગસાહસિકોને પર્યાવરણ અનુકૂળ ઉત્પાદન પદ્ધતિઓ અને નાના સ્તરના ઉદ્યોગ સંચાલનનો વાસ્તવિક સમયનો અનુભવ મેળવવામાં સહાય કરે છે.

ઉદ્ઘાટન પ્રસંગે સુશ્રી મનીષા ભટ્ટાચાર્ય, મેનેજિંગ ડિરેક્ટર - કોર્પોરેટ સિટિઝનશિપ, એક્સેન્ચરએ કહ્યું, "એક્સેન્ચર અને ઈડીઆઈઆઈ સમાન સમાવેશી વિકાસની દૃષ્ટિ વહેંચે છે? આ દૃષ્ટિ ભવિષ્ય માટે તૈયાર અર્થતંત્રના નિર્માણ પર કેન્દ્રિત છે. જ્યારે ગ્રામ્ય ઉદ્યોગસાહસિકોને તેમની ક્ષમતા ઓળખવા માટે યોગ્ય વાતાવરણ મળે છે, ત્યારે તેઓ ગ્રીન ઇકોનોમીમાં સફળતાપૂર્વક આગળ વધી શકે છે? આ લર્નિંગ સેન્ટર આ જ વિશ્વાસ પર આધારિત છે, અને તેને અનેક સ્થળોએ સ્થાપિત કરવાથી તે એક એવા આંદોલનનું રૂપ લે છે, જે પરિણામ આધારિત અસર અને ઉપલબ્ધિઓ સુનિશ્ચિત કરવા પર કેન્દ્રિત છે"

ડૉ. સુનીલ શુક્લા, ડિરેક્ટર જનરલ, ઈડીઆઈઆઈએ જણાવ્યું, "ઈકો એકશન લર્નિંગ સેન્ટર તાલીમમાંથી પરિવર્તન તરફના મહત્વપૂર્ણ બદલાવનું પ્રતિનિધિત્વ કરે છે. ટકાઉ ઉત્પાદન પ્રણાલીઓનો પ્રાયોગિક અનુભવ ઉપલબ્ધ કરાવીને, અમે ગ્રામ્ય ઉદ્યોગસાહસિકોને આત્મનિર્ભર; નવીન અને પર્યાવરણ પ્રત્યે જવાબદાર વ્યવસાયીઓ બનવા માટે મજબૂત પાયો ઉભો કરી રહ્યા છીએ."